ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
(ગુજરાત સરકારનું સાહસ)
અધિક્ષક ઇજનેરશ્રી (મ.ગુ) ની કચેરી,
પાંચબત્તી, જી.આઇ.ડી.સી., ભરૂચ.
ફોન નંબર (૦૨૬૪૨)૨૪૨૪૪૨

જાહેર નિવિદા નં.૦૪/૨૦૨૫-૨૬

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વર્તુળ કચેરી અધિક્ષક ઇજનેરશ્રી(મ.ગુ), જી.આઇ.ડી.સી., ભરૂચનાં તાબા હેઠળ કાર્યરત વિભાગીય કચેરીઓ માટે અનુ.નં. ૦૧ થી ૦૭ ના કામો માટેના ટેન્ડરો ઓનલાઇન / ઓફલાઇન પદ્ધતિથી મંગાવવામાં આવે છે. અનુ.નં. ૦૧ થી ૦૬ ના કામો માટેના ટેન્ડરો ઓનલાઇન પધ્ધતી અને અનુ.નં. ૦૭ ઓફલાઇન પદ્ધતિથી આમંત્રિત કરવામાં આવે છે. જેની અંદાજીત કિંમત પૈકી લઘુતમ કિંમત રૂા. ૧,૪૯,૮૯૮.૦૦ અને મહત્તમ અંદાજીત કિંમત રૂા. ૩૩,૦૬,૨૫,૧૭૧.૦૦ ની વચ્ચે છે.

ઓનલાઇન ટેન્ડર (અનુ નં. ૦૧ થી ૦૬) વેબ સાઇટ tender.nprocure.com ઉપરથી ડાઉનલોડ-અપલોડ નિયત સમય-મર્યાદામાં કરી શકાશે. ઓફલાઇન ટેન્ડર (અનુ નં. ૦૭) ઇસ્યુ કરવાની તારીખ ૧૫-૦૯-૨૦૨૫ થી ૨૨-૦૯-૨૦૨૫ કચેરી સમય દરમ્યાન કાર્યપાલક ઇજનેરશ્રીની વડોદરા કચેરીમાંથી જારી કરવામાં આવશે. ભરેલ ભાવ-પત્રકો સ્વીકારવાની આખરી તા. ૩૦-૦૯-૨૦૨૫ સમય સાંજે ૫:૦૦ કલાક (ફક્ત કચેરીના કામકાજ દિવસ) સુધીમાં સ્વીકારવામાં આવશે અને આવેલ ઓફલાઇન ટેન્ડરો તા. ૦૧-૧૦-૨૦૨૫ ના રોજ ખોલવામાં આવશે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા ઓફિસનાં નોટીસ બોર્ડ ઉપર અને જી.આઇ.ડી.સી.ની વેબસાઇટ www.gidc.gujarat.gov.in તેમજ માહિતી ખાતાની www.statetenders.gujarat.gov.in માં જોઇ શકાશે. નિવિદામાં જણાવેલ તમામ ટેન્ડરો અથવા તે પૈકી કોઇ પણ એક, કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા તેમજ રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે, જે તમામને બંધનકર્તા રહેશે. બાના મુકતિ પ્રમાણપત્ર ગ્રાહ્ય/સ્વીકાર્ય નથી. વધુમાં, ઓનલાઇન ટેન્ડરને લગતા તમામ સુધારા / વધારા tnder.nprocure.com વેબ-સાઇટ પર ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોવાની રહેશે.

સહી/-
અધિક્ષક ઇજનેર (મ.ગુ)
ગુ.ઔ.વિ.નિ., ભરૂચ.